મોદીના ચહેરા સાથે ફરીવાર આક્રમક પ્રચારમાં ભાજપ

મોદીની લોકપ્રિયતા હજુ પણ અકબંધ રહી છે : મોદી અને રાષ્ટ્રની વાત આવે તો બધા સાથે નજરે પડે છે

નવી દિલ્હી,તા. ૨૩

લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી ફરી એકવાર નરેન્દ્ર મોદીના મેજિક પર આધારિત રહેશે. મોદીની લહેર વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં જોરદાર સપાટો બોલાવ્યો હતો અને પ્રચંડ બહુમતિ હાંસલ કરી હતી. આ વખતે પણ ભારતીય જનતા પાર્ટી મોદીના ચહેરા સાથે મેદાનમાં ઉતરી રહી છે. પાંચ વર્ષના શાસનકાળ બાદ પણ મોદી દેશના લોકોમાં સૌથી લોકપ્રિય ચહેરા તરીકે રહ્યા છે. તેમના નામ પર ભારતીય જનતા પાર્ટી પ્રચાર કરી રહી છે. સાંસદના દેખાવની વાત કરવામાં આવે તો સ્થાનિક મતદારો વધારે પ્રભાવિત નથી પરંતુ જ્યારે વાત વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રની આવે છે ત્યારે તમામ લોકો એક સાથે ઉભેલા દેખાય છે. દેશના જુદા જુદા રાજ્યોમાં મોદી લહેર જગાવવા માટેના પ્રયાસ જારી છે. પુલવામા ત્રાસવાદી હુમલા અને ત્યારબાદ ભારતની પાકિસ્તાનમાં કાર્યવાહી બાદ રાષ્ટ્ર લહેર પણ દેખાઇ રહી છે. જે ભાજપને ફાયદો કરાવી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે. તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મી લોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થનાર છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ પર મતદાન થનાર છે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થનાર છે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોની ૫૧ સીટો ઉપર મતદાન યોજાનાર છે. છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોની ૫૯ સીટો

આસનસોલ ખાતે મમતા બેનર્જીએ અભિનેત્રી મુનમુનસેનને મેદાનમાં ઉતારતા સ્પર્ધા રોમાંચક

પશ્ચિમ બંગાળની આસનસોલ સીટમાં મમતાની પાર્ટી અહીં જીતી જ શકી નથી : હોટ સીટ આસનસોલમાં બાબુલ મજબુત સ્થિતીમાં

નવી દિલ્હી,તા. ૨૩

લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ તમામ પક્ષો પોતપોતાની વ્યુહરચના તૈયાર કરી રહ્યા છે. દેશમાં અનેક હોટ સીટ પણ રહેલી છે. હોટ સીટની વાત કરવામાં આવે તો આવી જ એક સીટ પશ્ચિમ બંગાળમાં આસનસોલ પણ છે. અહીંથી મુખ્યપ્રધાન મમતા બેનર્જીની પાર્ટી ટીએમસીને ક્યારેય સફળતા મળી નથી. આ સીટ પર બાબુલ સુપ્રિયો ફરી એકવાર મેદાનમાં છે. બાબુલ ફરી એકવાર અગાઉ જેવી સફળતા હાંસલ કરી શકશે કે કેમ તેને લઈને ભારે ચર્ચા છે. બાબુલ સુપ્રિયો વર્ષ ૨૦૧૪માં લોકસભા ચૂંટણીમાં પ્રથમ વખત મેદાનમાં ઉતર્યા હતા. આની સાથે જ રાજનીતિના આસમાન પર ચમકી ગયા હતા. બાબુલે સંગીતની દુનિયાથી રાજનીતિમાં એન્ટ્રી કરી હતી. આની સાથે જ પ્રથમ વખત બંગાળની આસનસોલ સીટ પર ભારતીય જનતા પાર્ટીને જીત અપાવી દીધી હતી. આ સીટ પરથી તૃણમુળ કોંગ્રેસને હજુ સુધી જીત મેળવી લેવામાં સફળતા હાંસલ થઇ નથી. આ વખતે તૃણમુળ કોંગ્રેસે નવી ચાલ રમીને બાબુલની સામે વિતેલા વર્ષોની સુપરસ્ટાર અભિનેત્રી મુનમુનસેનને મેદાનમાં ઉતારી દેવાનો નિર્ણય કર્યો છે. આ સીટ પર વિતેલા વર્ષોમાં તો ડાબેરીઓ પર પ્રભાવ ધરાવતા હતા. આ સીટ પર રહેલા વિધાનસભા ક્ષેત્રને ધ્યાનમાં લેવામાં આવે ત તેમાં પાંડેશ્વર, રાનીગંજ, જામુડિયા, આસનસોલ ઉત્તર, આસનસોલ દક્ષિણ અને બારાબનીનો સમાવેશ થાય છે. જાતિય સમીકરણની વાત કરવામાં આવે તો આ સીટ પર હિન્દુ મતદારોનુ પ્રભાવ છે. અહીં ૭૫ ટકાથી વધારે હિન્દુ છે. જેથી બાબુલની જીત ફરી એકવાર નિશ્ચિત દેખાઇ રહી છે.

આ ઉપરાંત છેલ્લા કેટલાક મહિનામાં બંગાળમાં ભારતીય જનતા પાર્ટીએ જોરદાર પ્રચાર કરીને તેમની સ્થિતી મજબુત કરી છે. બંગાળમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ આક્રમક પ્રચાર કરતા રહ્યા છે. યોગી આદિત્યનાથ પણ ચર્ચામાં રહ્યા છે. બંગાળમાં ભારતીય જનતા પાર્ટીએ સૌથી વધારે ધ્યાન કેન્દ્રિત કર્યુ છે.

શત્રુઘ્નસિંહાને ભાજપે ટિકિટ ન આપી

બિહારની ૩૯ સીટો પર ઉમેદવાર જાહેર : ભાજપ સામે બળવો કરનાર શત્રુઘ્નસિંહાને સજારુપે ટિકિટ નહીં : હવે શત્રુઘ્ન સિંહાની પટણા સાહિબ સીટ ઉપર કેન્દ્રીયમંત્રી રવિશંકર પ્રસાદને મેદાનમાં ઉતારવાનો નિર્ણય : ગિરિરાજસિંહની બેઠક બદલી દેવામાં આવી

પટણા,તા. ૨૩

બિહારમાં એનડીએ ગઠબંધને લોકસભા ચૂંટણી માટે આજે ૪૦ સીટો પૈકી ૩૯ સીટો પર તેમના ઉમેદવારો જાહેર કરી દીધા હતા. એનડીએ દ્વારા જારી કરવામાં આવેલી યાદીમાં ભાજપના બળવાખોર નેતા શત્રુઘ્ન સિંહાને ટિકિટ ન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સાથે સાથે શાહનવાઝ હુસૈનની ટિકિટ પણ કપાઇ ગઇ છે. બીજી બાજુ કેન્દ્રિત પ્રધાન ગિરિરાજ સિંહને નવાદાના બદલે બેગુસરાય બેઠક પરથી મેદાનમાં ઉતારી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ખઘડિયા બેઠક પરથી હજુ ઉમેદવારની જાહેરાત કરવામાં આવી નથી. જે રામવિલાસ પાસવાનના ખાતામાં હોવાના હેવાલ છે. બીજી બાજુ મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણીને લઇને તમામ બાબતો ફાઇનલ થઇ ગઇ હોવા છતાં ખેંચતાણ જારી છે. એમ માનવામાં આવે છે કે એનડીએના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા બાદ મહાગઠબંધન ઉમેદવારની યાદી ટુંક સમયમાં જ જાહેર કરવામાં આવનાર છે. પટણામાં એનડીએ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી ત્યારે તમામની નજર ગિરિરાજ અને શત્રુઘ્ન સિંહાની સીટ પર લાગેલી હતી. ગિરિરાજને નવાદાના બદલે બેગુસરાય બેઠક પરથી ઉતારી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ટિકિટ જેમને મળી નથી તેમાં શત્રુઘ્ન સિંહા સામેલ છે. પટણા સાહિબમાંથી સાંસદ તરીકે રહેલા સિન્હાને પાર્ટીની સામે બળવો કરવા બદલ સજા તરીકે ટિકિટ આપવામાં આવી નથી. તેમની જગ્યાએ આ સીટ પરથી રવિશંકર પ્રસાદને મેદાનમાં ઉતારી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

બીજી બાજુ કેન્દ્રિય પ્રધાન રામકૃપાલ યાદવને પાટલિપુત્રમાંથી ફરી ટિકિટ આપવામાં આવી છે.તેઓ વર્ષ ૨૦૧૪માં આરજેડી સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાયા હતા. બિહારમાં ભારતીય જનતા પાર્ટી અને જેડીયુ ૧૭-૧૭ સીટો પણ ચૂંટણી લડી રહી છે. શત્રુઘ્ન સિંહા અને શાહનવાઝ હુસૈનને ટિકિટ આપવામાં આવી નથી. છેલ્લા ઘણા સમયથી શત્રુઘ્ન દ્વારા ભાજપની વિરુદ્ધમાં વલણ અપનાવવામાં આવ્યું છે જેના પરિણામ સ્વરુપે આ વખતે તેમને ટિકિટ આપવામાં આવી નથી. મુખ્ય ચહેરાઓમાં પૂર્વીય ચંપારણમાંથી ભાજપના કેન્દ્રીયમંત્રી રાધામોહનસિંહ ઉમેદરવાર છે. સારનમાંથી રાજીવ પ્રતાપ રુડી મેદાનમાં ઉતરી રહ્યા છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ નિત્યાનંદ ઉજિયારપુરમાંથી મેદાનમાંથી ઉતરી રહ્યા છે. કેન્દ્રીયમંત્રી અશ્વિની ચૌબે બક્સર સીટ પર મેદાનમાં ઉતરી રહ્યા છે. ભાજપે હજુ સુધી ત્રણ લિસ્ટ જારી કરી છે જેમાં પુરીમાંથી સંબીત પાત્રાને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

સામ પિત્રોડાના નિવેદન બદલ રાહુલ માફી માંગે : અમિત શાહ

શામ પિત્રોડાના નિવેદનથી શહીદોના પરિવાર, દેશનુ અપમાન : પુલવામા હુમલા માટે પાકિસ્તાનને રાહુલ ગાંધી જવાબદાર ગણે છે કે કેમ તે અંગે પણ ખુલાસો કરે : એર સ્ટ્રાઇક ઉપર પ્રશ્નો ઉઠાવનારની જોરદાર ટિકા

નવીદિલ્હી, તા. ૨૩

પુલવામા ત્રાસવાદી હુમલાને રુટિન એટેક તરીકે ગણાવનાર કોંગ્રેસી નેતા શામ પિત્રોડાના નિવેદનથી કોંગ્રેસની મુશ્કેલી વધી ગઈ છે. ભાજપ અધ્યક્ષ અમિત શાહે આજે પત્રકાર પરિષદ યોજીને રાહુલ ગાંધી ઉપર આકરા પ્રહાર કર્યા હતા. અમિત શાહે શામ પિત્રોડાના નિવેદન ઉપર રાહુલની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, રાહુલ ગાંધી કોંગ્રેસ પાર્ટીના સભ્યોના નિવેદન પર દેશની પ્રજાની માફી માંગે તે જરૂરી છે. દેશના શહીદોનું અપમાન કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહ્યું છે. અમિત શાહે કહ્યું હતું કે, શહીદોના પરિવાર અને જનતાની રાહુલે માફી માંગવી જોઇએ. માત્ર શામ પિત્રોડાના નિવેદનથી પીછેહઠ કરવાથી કામ ચાલશે નહીં. દેશની

જનતા તેમની નીતિને સમજે છે. આજ કારણસર કોંગ્રેસે તેમના નિવેદનથી પીછેહઠ કરવાની તૈયારી દર્શાવી છે પરંતુ આનાથી કામ ચાલશે નહીં. કોંગ્રેસ પાર્ટીમાં વિદેશ વિભાગના કો-ઓર્ડિનેટર અને ચૂંટણી ઘોષણાપત્ર સમિતિના સભ્ય શામ પિત્રોડાનું જે નિવેદન આવ્યું છે તે ખુબ ચિંતાઓને જન્મ આપે છે. શાહે કહ્યું હતું કે, પિત્રોડાએ એવું નિવેદન આપ્યું છે કે, કેટલાક લોકોની હરકત પર સમગ્ર દેશને દોષિત ઠેરવી શકાય નહીં. આના ઉપર રાહુલ ગાંધીને સ્પષ્ટતા કરવી જોઇએ કે તેઓ આતંકવાદી ઘટનાઓને લઇને પાકિસ્તાનને જવાબદાર ગણતા નથી. રાહુલને એમ પણ કહેવું જોઇએ કે, પિત્રોડાની વાતચીતથી ત્રાસવાદનો સામનો કરવાની બાબત પર તેમની નીતિ શું છે. રાહુલે એવી સ્પષ્ટતા કરવી જોઇએ કે, પુલવામા જેવા હુમલાને તેઓ સામાન્ય ઘટના ગણે છે. ભાજપ પ્રમુખે કહ્યું હતું કે, સર્જિકલ સ્ટ્રાઇકના સમયે રાહુલ ગાંધીએ ખુનની દલાલીની વાત કરી હતી. હવે એરસ્ટ્રાઇક ઉપર પણ પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. દેશની જનતાની માફી માંગવી જોઇએ.

અમિત શાહે કહ્યું હતું કે, કોંગ્રેસના આ નિવેદનથી શહીદોનું અપમાન થયું છે. દેશના નૈતિક જુસ્સાને નુકસાન પહોંચાડવાના પ્રયાસ કોંગ્રેસી નેતા કરી રહ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષે પણ ૭મી માર્ચના દિવસે કહ્યું હતું કે, એર સ્ટ્રાઇક ઉપર ઉઠી રહેલા પ્રશ્નોના જવાબ મળવા જોઇએ. સવાલ કોઇ ઉઠાવી રહ્યા છે તે અંગે પણ ખુલાસો કરવો જોઇએ.

રાહુલ દક્ષિણ ભારતની પણ કોઇ બેઠકથી ચૂંટણી લડશે

તિરુવંતનપુરમ, તા. ૨૩

છેલ્લા કેટલાક દિવસથી કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીના અમેઠીની સાથે સાથે અલગ અલગ સીટો પરથી ચૂંટણી લડવાને લઇને અટકળો ચાલી રહી છે. કોંગ્રેસ મહાસચિવ અને કેરળના પૂર્વ મુખ્યમંત્રી ઓમાન ચંડીના નિવેદન બાદ અટકળો વધુ તીવ્ર બની ગઈ છે. ઓમાન ચંડીએ કહ્યું છે કે, રાહુલ ગાંધીને વાયનાડ સીટ પરથી ચૂંટણી લડવા અપીલ કરવામાં આવી છે. રાહુલ ગાંધી દક્ષિણ ભારતના ચાર રાજ્યો આંધ્રપ્રદેશ, તમિળનાડુ, કેરળ અને કર્ણાટકમાં કોંગ્રેસ પાર્ટીને મજબૂત કરવાના હેતુસર આ નિર્ણય કરી શકે છે. ઓમાન ચંડીએ કહ્યું હતું કે, કેરળ કોંગ્રેસ સમિતિ રાહુલ ગાંધીને કેરળની કોઇ સીટ પરથી ચૂંટણી લડવાની વાત કરી ચુકયા છે. વાયનાડથી ચૂંટણી લડવા માટે કહેવામાં આવી રહ્યું છે. આના ઉપર રાહુલ ગાંધીની પ્રતિક્રિયા કોઇપણ સમયે આવી શકે છે. થોડાક દિવસ પહેલા જ કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષ દિનેશ રાવે પણ રાહુલ ગાંધીને પત્ર લખીને કર્ણાટકની કોઇ સીટ પરથી ચૂંટણી લડવા માટે કહેવામાં આવ્યું હતું.

એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં જણાવવામાં આવ્યું છે કે, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી સાથે છેલ્લા એક મહિનાથી વાતચીત ચાલી રહી છે. જો રાહુલ ગાંધી વધુ એક સીટ પરથી ચૂંટણી લડશે તો આસપાસની સીટો પર પણ માહોલ બનશે અને કોંગ્રેસને લીડ મળી શકે છે.

ન્યુઝ ટ્રેક

કેજરીવાલ ફરી વિવાદમાં

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓ દૂર થવાનુ નામ નથી લેતી. હવે તેઓ પર ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો મામલો દાખલ કરવામાં આવ્યો છે. કેજરીવાલે ટ્વીટર પર એક ફોટો ટ્વીટ કરી હતી તેના પછી પોલીસે તેમની પર ધાર્મિક ભાવનાઓ ભડકાવવાનો આરોપ લગાવી દીધો છે.

માલ્યાની સંપતિ જપ્ત કરાશે

દિલ્હીની ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટે ભાગેડુ કારોબારી વિજય માલ્યાની બેંગલુરુની સંપતિઓ ૧૦ જુલાઈ સુધીમાં એટેચ કરવાનો આદેશ આપ્યો છે. ફેરા એક્ટના ઉલ્લંઘન મામલામાં આ આદેશ અપાયો છે.

અમેરિકા ઉત્તર કોરીયા પરનો પ્રતિબંધ હટાવશે

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વીટ કરી કહ્યુ છે કે નોર્થ કોરીયા પર લગાવેલા વધારાના પ્રતિબંધને ટૂંક સમયમાં હટાવી લેવામાં આવશે. જોકે કયા પ્રતિબંધો હટાવાશે તેનો ઉલ્લેખ નથી કરાયો.

કંગના રાણાવત જયલલિતા બનશે

તમિલની પ્રખ્યાત અભિનેત્રી અને રાજકારણી જયલલિતાની બાયોપિક માટે કંગના રાણાવતની પસંદગી કરવામાં આવી છે. ફિલ્મનું ટાઈટલ 'થવૈલી' છે અને ફિલ્મના ડિરેક્ટર એ.એલ. વિજય છે. આ બાયોપિક તમિલ અને હિન્દીમાં બનશે. હિન્દીમાં તેનુ નામ 'જયા' રહેશે.

દેશના પહેલા લોકપાલ તરીકે જસ્ટિસ પીકે ઘોષના શપથ

સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જસ્ટિસ પિનાકી ઘોષે દેશના પહેલા લોકપાલ તરીકે શપથ લીધા છે.જસ્ટિસ ઘોષને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે દેશના પહેલા લોકપાલ તરીકે શપથ લેવડાવ્યા હતા.આ પ્રસંગે પીએમ મોદી પણ હાજર રહ્યા હતા.

પલ્લુ ભારે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તો પાટણમાં કોંગ્રેસમાંથી ઠાકોર સમાજ બે આગેવાનો અલ્પેશ ઠાકોર અને જગદીશ ઠાકોરે ચૂંટણી લડવા માગતા નહિ હોવાનું મોવડીઓને જણાવ્યુ હોવાની વાતો સોશ્યલ અને અન્ય મીડિયામાં છૂટથી થઈ રહી છે.

જો કે બન્ને પક્ષો નવા ચહેરાઓને મેદાનમાં ઉતારવા પણ માંગે છે અને એટલે જ સી.જે. ચાવડા (ગાંધીનગર) ડૉ. હિમાંશુ પટેલ (અમદાવાદ પૂર્વ) જે.એમ. પટેલ (મહેસાણા), ધર્મેશ પટેલ (નવસારી)ના નામો કોંગ્રેસમાં ચર્ચામાં છે. તો ભાજપમાં ભરતસિંહ ડાભી (પાટણ) મહેન્દ્રસિંહ વાઘેલા (પાટણ અથવા સાબરકાંઠા) જાગૃતિબેન પંડ્યા (અમદાવાદ પૂર્વ), મનોજ જોશી (અમદાવાદ પૂર્વ)ના નામો ચર્ચામાં છે. કોંગ્રેસના અંતરંગ વર્તુળોનું કહેવુ છે કે યુથ કોંગ્રેસમાંથી ટિકિટ આપવાનો લેવાયેલા નિર્ણયને પગલે ઉમેદવારોની પસંદગીની આખરી પ્રક્રિયા અટવાઈ છે. બનાસકાંઠા અને પાટણમાં આ માટે નવેસરથી કવાયત પણ કરવામાં આવી છે અને આગામી એકાદ-બે દિવસમાં ઉમેદવારોની યાદી જાહેર થઈ જશે.

બીજી તરફ ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દિલ્હીમાં હાલ બીજા તબક્કાની બેઠકોના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલી રહી છે. ગુજરાતના ઉમેદવારો પણ રવિવારે સવારે અથવા સાંજ સુધીમાં આખરી થઈ જતાં જાહેર કરી દેવાશે. જો કે બન્ને પક્ષો દ્વારા અલગ અલગ કારણોને આગળ ધરી જ્ઞાતિવાદી સમીકરણો કારણ નહિ હોવાનું કહી ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા ચાલી રહી હોવાનું કહી રહ્યા છે પણ મૂળ કારણ આજ હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

સંપર્ક અભિયાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અભિયાન હાથ ધરાશે. ગાંધીનગર મહાનગરના તમામ ૧૫૧ બુથમાં ઓમાં ઓછા ૫૦ લોકોનો સંપર્ક કરી કેન્દ્ર સરકારની યોજનાઓની પત્રિકા તેમજ સ્ટીકર લગાવવા માટે પણ કાર્યકરોની ટીમ કામે લાગી છે. આ કાર્યક્રમમાં પેચ પ્રમુખો, મહાનગરના પદાધિકારીઓ, સાંસદ, સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ , કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં આગામી તા ૩૦ માર્ચ સુધી બુથ સંપર્ક અભિયાનમાં જોડાશે.

ગાયત્રી ચેતના કેન્દ્ર, મોડાસા દ્વારા નિર્માણ થનાર 'શ્રીરામ આરણ્યક'

મોડાસા, તા. ૨૩

અખિલ વિશ્વ ગાયત્રી પરિવારની જનહિતની ભાવના સાથે અનેક પ્રવૃત્તિઓ-કાર્યક્રમોના આયોજન એક વ્યવસ્થિત સૂત્ર દ્વારા એકરૂપતા અનુસાર ચલાવનાર સમગ્ર વિશ્વમાં વ્યાપેલ ગાયત્રી પરિવારનું મુખ્ય મથક ગાયત્રી તીર્થ, શાંતિકુંજ, હરિદ્વાર ખાતે તા. ૨૪ થી ૨૭ માર્ચ દરમિયાન રાષ્ટ્રીય ઝોનલ સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વર્ષ દરમિયાન માનવ સાચા અર્થમાં માનવતાવાદી, સંસ્કારવાન બને તેમજ જનસેવા પ્રવૃત્તિઓ માટે અનેકવિધ ભાવિ કાર્યક્રમોના અમલ માટે ચિંતન મંથન કરવામાં આવેલ છે. આ માટે અરવલ્લી જિલ્લા સમન્વયક મનહરભાઈ પટેલ તથા ગાયત્રી ચેતના કેન્દ્ર, મોડાસાના પ્રતિનિધિત્વ કરતા કિરીટભાઈ સોની આ રાષ્ટ્રીય ઝોનલ સંગોષ્ઠીમાં હરિદ્વાર ઉપસ્થિત રહેશે. ગાયત્રી પરિવાર, મોડાસાની અખબારી યાદી અનુસાર મોડાસા શહેરમાં નવિન નિર્માણ પામેલ ગાયત્રી ચેતના કેન્દ્ર, મોડાસા ખાતે તાજેતરમાં આયોજક મંડળની બેઠકમાં ધર્માભાઈ પટેલ, કાન્તીભાઈ ચૌહાણ, સોમાભાઈ બારોટ, હરેશભાઈ કંસારા, કિરીટભાઈ સોની, કમલેશભાઈ પટેલ વિગેરે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મોડાસા ક્ષેત્ર તેમજ ગુજરાતભરના લોકો માટે મોડાસા તાલુકાના નાપા ગામ પાસે છ વિઘા જમીનમાં ગુજરાતનું પ્રથમ નિર્માણ થનાર 'શ્રીરામ આરણ્યક' વિશે પણ આગળ વેગ મળે તે માટે ચર્ચા વિચારણા કરવામાં આવી.

હરિદ્વાર ખાતે રાષ્ટ્રીય ઝોનલ સંગોષ્ઠી આયોજનમાં ઉલ્લેખનીય ચિંતન મંથન કરવા કિરીટભાઈ સોની આ વિષયમાં આગળ પ્રગતિ માટે વિશેષ ઉપસ્થિત રહેશે.